## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ત્રીજી લહેર આવે કે ન આવે અમે તો આવવાના જ..!!

# દહેગામ ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

ગાંધીનગર,તા. ૧૬ ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી આજે સમગ્ર ગાંધીનગર જિલ્લામાં ઉત્સાહભેર કરવામાં આવી હતી. દહેગામ ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે ધ્વજ ફરકાવી સલામી આપી હતી. મંત્રીએ દેશને મહામૂલી આઝાદી અપાવનાર તમામ લડવૈયાઓ, ક્રાંતિકારીઓ, નામી-અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓને પૂણ્ય સ્મરણ કરીને એમને વંદન કર્યા હતા. મંત્રીના હસ્તે જિલ્લા કલેકટરને વિકાસ અર્થે રૂપિયા ૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. મંત્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું કે દેશ માટે મરી ફીટનારા, જાન કુરબાન કરનારા, સૌ કોઈને નમન કરવાનો આ અવસર છે. સાત દાયકાઓથી આઝાદીની આબોહવામાં આપણે જીવી રહ્યા છીએ. સ્વતંત્રતા સમયે આપણે અનેક સ્વપ્નો જોયા હતા. સ્વરાજ બાદ સુરાજની સ્થાપનાની દેશવાસીઓની આશા હતી. ગુજરાતના સપૂત અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અનેક અવરોધોને પાર કરીને રાષ્ટ્રની પ્રગતિના એક નવા યુગનો પ્રારંભ થયો છે. ભારતની પ્રાચીન યોગ વિરાસતના મહાત્મયને સ્વીકારીને સમગ્ર વિશ્વમાં તા. ૨૧ જૂનને આંતરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.



## ખૂણેખાંચરેથી

- ખોડિયાર માતાના મંદિર સે. ૫ ખાતે આજે આઠમ હોવાથી મહાઆરતી અને દેવીયાણનું આયોજન કરાયુ હતુ.
- ગાંધીનગર મનપાના ૬ કર્મયોગીઓનું જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સન્માન કરવામાં આવ્યુ હતુ. જેમાં ૩ મુક્તિધામના કર્મયોગીઓ વિક્રમભાઈ પુરબિયા, હિતેશ જેઠવા, પ્રકાશભાઈ વાગોદરાનો સમાવેશ થાય છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- સરકારી તેમજ ખાનગી સ્ત્રીરોગના નિષ્ણાતો તેમજ બાળરોગના નિષ્ણાતોને ત્રીજા વેવની સંભાવનાને લઈ ખાસ તાલિમનું આયોજન જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું.
- ૭૫મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી સે. ૮માં સંજય થોરાતના નિવાસસ્થાને કરાઈ હતી. નિવૃત્ત એડીશનલ કલેકટર રમેશભાઈ ઠક્કરે ધ્વજવંદન કરાવ્યુ હતુ.
- ગાંધીનગર શહેરમાં શાકભાજીના ભાવોમાં પણ વધારો થતાં મધ્યમવર્ગની ગૃહીણીઓનું બજેટ ખોરવાયુ છે.
- કોરોનાનું સંક્રમણ ઘટતાં સિવિલ હોસ્પિટલને ફાળવવામાં આવેલા ૩૦ જેટલા બોન્ડેડ મેડીકલ ઓફિસરોને તેમના સ્થાને પરત મુકવાના હુકમો કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર ખાતેના સંઘના કાર્યાલય સે. ૨૩ ખાતે પ્રાંત પ્રચારક પ્રમુખ ડૉ. ચિંતનભાઈ ઉપાધ્યાયના હસ્તે ધ્વજવંદન યોજાયુ હતુ.
- ગાંધીનગર કોમર્સ કોલેજ ખાતે માળીકામ કરતા બાબરભાઈ તેમજ ઝીલુભા ધાંધલના હસ્તે ધ્વજવંદન યોજાયુ હતુ.
- ગાંધીનગર મનપાના ધ્વજવંદન સમારોહમાં ૪ પૂર્વ મેયરો અને ૪ પૂર્વ મહિલા કાઉન્સીલરો હાજર રહ્યા હતા.

# સ્વાતંત્ર્ય દિને શહેર વસાહત મહાસંઘનું સુખડી વિતરણ

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા રાષ્ટ્રીય પર્વની ઉજવણીના ભાગ રૂપે ગાંધીનગર શહેરના શ્રમજીવી વર્ગના બાળકોને સુખડી વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સે-૨૨ માં પંચદેવ મંદિર ખાતેથી વિવિધ જગ્યાએ ઝુંપડપટ્ટીમાં જઈને શ્રમજીવી વર્ગના બાળકોને સુખડી વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે પંચદેવ મંદિરના મહંત ફુલશંકર શાસ્ત્રીજીનું સંસ્થાના પ્રમુખ કેશરીસહિં બિહોલા દ્વારા શાલ ઓઢાડીને સન્માન કરાયું ત્યારબાદ શાસ્ત્રીજીએ સંસ્થાની ગરીબલક્ષી પ્રવૃતિઓને અને સંસ્થાના કામગીરીને બિરદાવી આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગે રથયાત્રા સમિતિના મહામંત્રી દિનેશભાઈ કાપડીયા, સ્થાનિક અગ્રણી ગંભીરસિંહ વાઘેલા, પેથાપુર નગર પાલિકાના પુર્વ અધ્યક્ષ રણજીતસિંહ વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પંચદેવ મંદિરના દરવાજે બેસતાં ભિક્ષુકોથી માંડીને પ્રેસ સર્કલ, ચરેડી પાણી ટાંકી પાસે, જીઈબી રોડ, સેકટર-૧૩ મહાત્મા મંદિર પાસે, વાવોલ કુબેરનગર વગેરેના જરૂરિયાતમંદ બાળકોને સુખડી વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના હોદેદારો કેશરીસિંહ બિહોલા, લાલુભા વાઘેલા, હરેશ પટેલ, રાજેન્દ્ર પારેખ, જયેશ આગજા, પોપટલાલ પ્રજાપતિ, હિમાંશુ ભચેચ, સી કે સોની, ઘનશ્યામસિંહ ગોલ, કાનજીભાઈ દેસાઈ, વિઠ્ઠલ પરમાર, વિનોદ ભટ્ટ, જગદીશ પટેલ, તુલસીભાઈ માલી, મહંમદ ઠેબા, ગોપાળજી ઠાકોર, ભોજાભાઈ ભરવાડ વગેરે હાજર રહ્યા હતાં.



## શિહોલી મોટી ગામે જુગારીઓમાં દોડધામ : બે જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬ ચિલોડા નજીક આવેલા શિહોલી મોટી ગામની સીમમાં અદારી તળાવ પાસે તુવેરના વાવેતર કરેલા ખેતરમાં જુગારની બાજી માંડીને જુગારીઓ બેઠા હતા. તે સમયે ચિલોડા પોલીસ ત્રાટકતા જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. પોલીસના હાથે પ્રવિણસિંહ દિનાજી રાઠોડ (ઉં.૨૯ રહે.ખોડીયાર માતા વાસ દશેલા ગામ) તેમજ પિન્ટુ રણજીત ચક્રવતી (ઉં.૪૫ રહે.ઈન્દીરાનગર શિહોલી મોટી)ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૪,૬૫૦ તેમજ રૂ.૭૦ હજારના પાંચ વાહનનો સમાવેશ થાય છે. જેમાં સ્પ્લેન્ડર બાઈક નં.જી.જે.૧૮.ડી.એ.-૧૩૫૪, સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.ડી.એચ.-૦૧૮૭, જી.જે.૧૮.સી.એચ.-૩૫૦૦, હીરો પેશન બાઈક નં.જી.જે. ૦૧.પી.ઝેડ-૩૩૬૪ તેમજ બજાર સ્કુટર નં. જી.જે.૦૧.એ.એલ.-૨૧૧૮ નો સમાવેશ થાય છે.

# ચિલોડાથી બે પિસ્ટલ સાથે બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૬ ફોટો ગાંધીનગર ચિલોડા પાસેથી બે ઓટોમેટીક પિસ્ટલ, બે મેગઝીન અને ૯ જીવતા કારતુસ સાથે બે આરોપીઓને ચિલોડા પોલીસે દબોચી લીધા હતા. રાજયમાં આ શખ્સો ગંભીર ગુનાને અંજામ આપે તે પહેલા જ તેમને ઝડપી પાડી આગળની કાર્યવાહી શરુ કરી છે.

૧૫ મી ઓગસ્ટ સ્વતંત્રતા પર્વ અંતર્ગત ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવા માટે રેન્જ આઈજીપી અભય ચુડાસમા તેમજ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા અને ડીવાયએસપી એમ.કે.રાણા દ્વારા પોલીસ અધિકારીઓને વાહન ચેકીંગ અને પેટ્રોલીંગ કરવા માટે સુચના આપી હતી. જેને પગલે ચિલોડા પોલીસ મથકના પીઆઈ તરલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહ ચંદનસિંહને બાતમી મળી હતી કે હથીયારોની આપ-લે થવાની છે. જેને પગલે પોલીસે વિવિધ ટીમો બનાવી ચિલોડા સર્કલ પાસે વોચ ગોઠવી હતી. તે સમયે બે પિસ્ટલ, બે મેગજીન અને નવ જીવતા કારતુસ લઈને આવનાર ધર્મેન્દ્ર શિવદયાલ યાદવ (ઉં.૩૯,રહે. ગોલીયાપોર, પોસ્ટ-બનાહર તા.કરહલ જી.મેનપુરી ઉતરપ્રદેશ) અને હથીયારની ડીલીવરી લેવા માટે આવેલા રાજુ ઉર્ફે ડિમ્પલ કૃષ્ણમોરારી યાદવ (ઉં.૩૩, રહે.૨૫ વાલીયા દરગાહની સામે વાંકાનેર જી.મોરબી) ને પકડી પાડવામાં આવ્યા હતા.



પોલીસે પકડેલા આરોપીમાં રાજુ ઉર્ફે ડિમ્પલ યાદવ ખતરનાક અને ઝનુની તેમજ ઉગ્ર સ્વભાવનો ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જેણે અગાઉ રાજકોટના રાજીય આગેવાન સાથે ઝઘડો કરી તિક્ષ્ણ હથીયાર વડે હુમલો કર્યો હતો. તે ઉપરાંત હથીયારો સાથે પણ અગાઉ પકડાયેલો છે. રાજકોટમાં પોતાનું વર્ચસ્વ સ્થાપવા માટે ગુનાઓ આચરીને ખૌફ ઉભો કરવાવાળા રાજુનું નામ અગાઉ એટીએસ દ્વારા મોટા પ્રમાણમાં મળી આવેલા હથીયારોના જથ્થામાં પણ સામે આવ્યું હતું. તે ઉપરાંત હથીયાર રાખવાના, ખુન કરવાની કોશીશ તેમજ વિદેશી દારૂ સહિત ૧૨ જેટલા ગુના નોંધાયેલા છે. જયારે પોલીસે બે રીઢા ગુનેગારનો પકડી પાડી તેમની પાસેથી બે પિસ્ટલ ,ચાર મેગજીન અને નવ જીવતા કારતુસ અને રોકડ રકમ સહિત બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૬૬,૩૧૦ નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.



અંબાજીમાં ભરાતા ભાદરવી પૂનમના મેળાને તો હજુ ખૂબ વાર છે, પરંતુ તે પહેલાં જ વેજલપુર ભરૂચથી અંબાજી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંઘ ગાંધીનગરમાંથી પસાર થયો હતો.

## રાજકોટ શહેરની રીક્ષા ચોરીનો ભેદ ઉકેલતી સે.૭ પોલીસ

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ એસ.એસ.પવારના માર્ગદર્શન હેઠળ ડી સ્ટાફના પીએસઆઈ પી.વી.રાઠોડ તેમજ એચ.એ.સોલંકી સહિત જવાનો પેટ્રોલીંગમા હતા. તે દરમિયાન હે.કો.ધર્મેન્દ્રસિંહ અને કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહને બાતમી મળી હતી. જેને પગલે શહેરની સત્યાગ્રહ છાવણી પાસે મેદાનમાંથી કાયદાના સંઘર્ષમાં આવેલા બાળ કિશોર રાજકોટ શહેર બી ડીવીઝન વિસ્તારમાંથી ચોરી થયેલી સીએનજી રીક્ષા નં.જી.જે.૦૩. બી.એકસ.-૭૦૧૩ તેમજ કિં.રૂ.૫૦ હજારના મુદ્દામાલ સાથે પકડી પાડી આગળની તપાસઅર્થે રાજકોટ પોલીસને જાણ કરીવામાં આવી છે.

# ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર,તા. ૧૬ આઝાદીની ૭૫ માં સ્વાતંત્ર્ય દિવસે ગાંધીનગર જિલ્લા અને શહેર કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે તા-૧૫/૦૮/૨૦૨૧,સવારે ૮.૩૦ કલાકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના વરદ હસ્તે ધ્વજારોહણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહિત ઉપસ્થિત સૌ આગેવાનોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ આ પ્રસંગે આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષના નેતાઓએ ચિંધેલા માર્ગ પર આગળ ચાલીને દેશ કાજે કઈ કરી છૂટવાની તમન્ના સાથે મિશન ૨૦૨૨ના લક્ષ્યને પરિપૂર્ણ કરવા સહિયારા પ્રયત્નો કરવાની હાકલ કરી હતી. આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપસિંહ વાઘેલા, પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, પ્રદેશ પ્રવકતા ડો. હિમાંશુભાઈ પટેલ, પૂર્વ વિપક્ષ નેતા ચીમનભાઈ વિંઝુડા, તેજાભાઈ રબારી, રાજેન્દ્રસિંહ ચાવડા, અશોક શ્રીમાળી, મુકેશ મારૂ, લલીબેન ઠાકોર, ઉર્પલ જોશી, અજીત પરમાર, કુંતલ રાવલ, રાજેશ પ્રજાપતી, વિજયભાઈ સોલંકી, અશ્વિન દવે, કપિલાબેન ચાવડા, કિરીટ પરેરા, હરેશ સેનવા, પ્રકાશ રાઠોડ, શહેનાજબેન, પીતાંબર ભાખરીયા, રાજુભાઈ દેસાઈ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહીને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.



# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ઈકો ક્લબ અને વનસ્પતિશાસ્ત્ર વિભાગ દ્વારા વેબીનાર યોજાયો

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ઈકો ક્લબ અને વનસ્પતિશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૧૪-૮-૨૦૨૧ના રોજ ''ભારતનો સમૃધ્ધ વાનસ્પતિક વારસો અને ઔષધિય વનસ્પતિઓ'' વિષય પર વેબીનારનું આયોજન થયું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ઉમેશચંદ્ર થાનકી, નિવૃત્ત એગ્રીકલ્ચર ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. જેમણે જણાવ્યુ કે લગભગ દુનિયાની ૩,૦૦,૦૦૦ જેટલી વનસ્પતિઓ પૈકી ભારતમાં લગભગ ૭,૫૦૦ જેટલી વનસ્પતિઓ ઔષધીય મૂલ્ય ધરાવે છે. હજારો વર્ષોથી ભારતના જંગલો માથી ૯૦ ટકા જેટલા છોડનો ઉપયોગ તેની રાસાયણિક પ્રોપર્ટી પ્રમાણે દવા તરીકે થતો આવ્યો છે. તથા તેમણે નક્ષત્ર પ્રમાણે અને રાશિ પ્રમાણે ક્યાં છોડ અથવા વૃક્ષો વાવવા જોઈએ તેની સુંદર સમજૂતી આપી હતી.તેમણે નક્ષત્ર પ્રમાણે વાવવામાં આવતા વૃક્ષોમાં અશોક, ખેર, અગર વૃક્ષ, વાંસ, પીપળો, નાગકેસર, બોરસલી, શીમળો, ગરમાળો, ફણસ, સફેદ આકડો, શમી - ખીજડો, કદંબ,આંબો, લીમડો, વદ, કેસૂડો, જૂઈ, બીલી, અર્જુના, મહુડો વગેરે વૃક્ષોની ઔષધીય ઉપયોગીતા વિષે જ્ઞાનસભર માહિતી આપી હતી.

## રક્ષા શકિત પાસે ટ્રકે કારને ટક્કર મારતા નુકશાન

શહેરના રક્ષાશકિત સર્કલ પાસે કારને પાછળથી ટ્રક ચાલકે ટક્કર મારતા કારને નુકશાન થતા ટ્રક ચાલક પાસે પોલીસ ફરીયાદ નોંધાતા વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરના કુડાસણ વિસ્તારમાં શિવાલય રેસીડેન્સી એફ ૫૦૧ ખાતે રહેતા કાવ્યાબેન બ્રિજપ્રતાપ તિવારી (ઉં.૨૮) છેલ્લા ૬ વર્ષથી ટીસીએસ ખાતે સોફટવેર એન્જીનિયર તરીકે ફરજ બજાવે છે. નોકરી આવન જાવન માટે તેઓની પાસે જી.જે.૧૮. બી.જે.-૧૯૭૪ નંબરની ઈગનીશ કાર છે. ગતરોજ ફરીયાદી રક્ષાશકિત સર્કલ પાસે કાર લઈને ઉભા હતા. તે સમયે અચાનક ટ્રક ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી કારને પાછળના ભાગે ટક્કર મારતા કારની પાછળની બે લાઈટો, બમ્પર, તેમજ ટાયર પણ ફાટી ગયું હતું. જેથી ફરીયાદીએ અંદાજીત રૂ.૩૦ હજારના નુકશાન અંગે ટ્રક ચાલક જી.જે.૦૨.ઝેડ.ઝેડ.૬૭૭૧ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### જિલ્લા પંચાયત પ્રમુખ, ચંદ્રાલા ગ્રામ પંચાયત અને શાળાની અનોખી ભેટ

# ચંદ્રાલા ગામમાં ૭૫મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સરગવાના ૭૫૦૦ રોપા રોપી પર્યાવરણ જતનની અનોખી પહેલ

ગાંધીનગર, તા. ૧૬ આજરોજ ગ્રામ પંચાયત તથા પ્રમુખશ્રી, જિલ્લા પંચાયતના આયોજન અંતર્ગત ગામના યુવાનોએ ચંદ્રાલા ગામમાં આજના ૭૫માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ગામ તથા તેના આજુબાજુના વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત આશરે ૭૫૦૦ જેટલા સરગવાના વૃક્ષ રોપવાની અને આ પર્વમાં ભાગ લેનાર અને તમામ ગ્રામજનોને સરગવાના રોપાની ભેટ આપી પર્યાવરણ બચાવવાની એક પહેલ કરી છે. આઝાદીના આ પર્વમાં આપણે સૌ આપણા દેશ અને પર્યાવરણ માટે કંઈક કરી શકીએ તો તે જ આપણા રાષ્ટ્ર માટે આઝાદીના પર્વની સાચી ઉજવણી હશે.

ચંદ્રાલા ગામમાં સ્વાતંત્ર્ય દિવસે જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, સરપંચ વિનોદભાઈ પટેલ, પ્રાથમિક શાળામાંથી હરેશભાઈ, પ્રાથમિક તથા માધ્યમિક શાળા પરિવાર તથા ગામના યુવાનોએ જુદા જુદા ટ્રેક્ટર ભરી જુદી જુદી ટીમ બનાવી તેમના મારફતે ગામ તથા આજુબાજુના વિસ્તારમાં આ રોપા મફત વહેંચવામાં આવ્યા તથા તેનું વૃક્ષારોપણ કરી પર્યાવરણ બચાવવાનું એક રાષ્ટ્ર નિર્માણનું કામ કર્યુ.




# દેશના ૭૫માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે 'શ્રી કમલમ', સેકટર-૨૧ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયા

ગાંધીનગર,તા. ૧૬ ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે સમગ્ર દેશ અને વિદેશમાં વસતા ભારતીયો આજે દેશનો ૭૫મો સ્વતંત્રતા દિવસ ઉજવી રહ્યા છે, આજનો દિવસ પ્રત્યેક ભારતીય માટે ગર્વનો દિવસ છે ત્યારે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આજે ગાંધીનગરના સેકટર ૨૧ સ્થિત ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ગાંધીનગર મહાનગર અને જિલ્લા ભાજપા સંગઠન દ્વારા ધ્વજવંદનના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, જિલ્લા ભાજપા પ્રમુખ અનિલભાઈ પટેલ, જિલ્લા તેમજ મહાનગર ભાજપા સંગઠનના પદાધિકારીઓ, સિનિયર અગ્રણીઓ, મોરચા/સેલના પદાધિકારીઓ, ભાજપના ઉમેદવારો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા ભાજપા પ્રમુખ અનિલભાઈ પટેલે તિરંગો ફહેરાવ્યો હતો, રાષ્ટ્રગાનના સમૂહ પઠનથી સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બન્યું હતું. આ પ્રસંગે મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટે તેમના સંબોધનમાં સૌને દેશના ૭૫માં સ્વતંત્રતા દિનની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ આઝાદીની લડાઈમાં યોગદાન આપનાર સૌ મહાપુરુષો અને આઝાદીના લાડવૈયાઓનું સ્મરણ કરી તેમને સ્મરણાંજલિ અર્પણ કરી હતી તેમજ ઉપસ્થિત સૌને ભાજપાના માધ્યમથી અવિરતપણે રાષ્ટ્રકલ્યાણના કાર્યમાં જોતરાયેલા રહેવા માટે આહવાન કર્યું હતું.



ગાંધીનગર શહેર ભાજપ દ્વારા યુવા સંકલ્પયાત્રાના ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મેરેથોન દોડ શહેર યુવા ભાજપ દ્વારા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ડૉ. પ્રશાંત કોરાટ, શહેર પ્રમુખ રૂચિર ભટ્ટ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, યુવરાજસિંહ ચાવડા અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મનીષકુમારસિંઘ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા તેની તસ્વીર.

## એક ગામ એક તિરંગા અભિયાન અંતર્ગત એબીવીપીના કાર્યકરો દ્વારા ધ્વજવંદન

ગાંધીનગર, તા. ૧૬ એક ગામ એક તિરંગા અભિયાન અંતર્ગત અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગાંધીનગર જિલ્લાના કાર્યકર્તાઓ દ્વારા રાયસણ, કુડાસણ, સરગાસણ, કોલવડા, ડભોડા, ભાટ અને લેકાવાડા સહિતના ગામોમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સ્વતંત્રતા પર્વની ઉજવણી અંતર્ગત ધ્વજ ફરકાવી સૌ ગ્રામજનોએ સલામી આપી હતી. જ્યારે વિવિધ દેશભક્તિના ગીતોથી અનેરો માહોલ સર્જાયો હતો.

## રાંધેજા ગામમાંથી પાંચ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૧૬ ગાંધીનગર શહેરને અડીને આવેલા રાંધેજા ગામની સીમમાં કાંણીયુ તળાવની બાજુમાં ખરાબાની જમીનમાં બાંજી માડીને બેઠેલા પાંચ શકુનીઓને પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. જેમાં ગામના લાલાજી ભવાનજી ઠાકોર, ભરતભાઈ નટવરભાઈ પરમાર, રાજેશ કનુભાઈ ઠાકોર, રમેશજી વરવાજી ઠાકોર, અને અરવિંદ સોમાભાઈ પટેલનો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને રોકડ મળી કુલ રૂ.૫૧૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.